# 50નો પુરુષ 'કોલેજ બોય' બની શકે, તો 35ની સ્ત્રી સીધી 'મમ્મી' કેમ?

## સૌમ્યા ટંડન

શો-બાજ

**ટીવીની લોકપ્રિય 'ગોરી મેમ' એટલે કે સૌમ્યા ટંડન આજે પોતાની નવી ઇનિંગ્સ સાથે ફિલ્મોની દુનિયામાં પણ પોતાની આગવી ઓળખ બનાવી રહી છે. 'ભાભીજી ઘર પર હૈ!'થી ઘર-ઘરમાં લોકપ્રિય બનેલી સૌમ્યા માટે એક જ ઇમેજમાંથી બહાર નીકળવું આસાન નહોતું, પરંતુ હવે તે ગંભીર પાત્રો, દમદાર અભિનય અને બેબાક વિચારો સાથે દર્શકોને નવાં સરપ્રાઇઝ આપી રહી છે**



### શું લોકો હજુ પણ રસ્તા પર જોઈને 'ભાભીજી' બૂમ પાડે છે?

બિલકુલ પાડે છે! પણ હવે હું હસીને કહું છું, 'ભાભીજી હવે ફિલ્મોમાં શિફ્ટ થઈ ગયાં છે!' એક જ ઈમેજમાંથી બહાર આવવું અઘરું હતું, કારણ કે ટીવી તમને એક જ કેરેક્ટરમાં ફિક્સ કરી દે છે. પણ 'ધુરંધર' જેવી ફિલ્મોએ સાબિત કર્યું કે હું માત્ર કોમેડી જ નહીં, ગંભીર પાત્રોમાં પણ દમદાર એક્ટિંગ કરી શકું છું!.

### TVની 12 કલાકની નોનસ્ટોપ ડ્યુટી અને ફિલ્મોના સેટ વચ્ચે કઈ દુનિયા વધારે ટફ લાગી?

TVમાં તો એકદમ મશીન મોડમાં આવી જાય છો! રોજનું કામ રોજ પૂરું કરવાનું જ હોય. જ્યારે ફિલ્મોમાં કેરેક્ટરને સમજવા અને તેમાં જીવ રેડવા માટે સમય મળે છે અને હા, ફિલ્મોના સેટ પર કોફી અને ફૂડ પણ એકદમ મસ્ત મળે છે!

### કોઈ હીરોની મમ્મી બનવાની ઓફર આવે તો સ્ક્રિપ્ટ વાંચશે કે સીધું જ 'નો વે!' કહી દેશે?

હું તો ડિરેક્ટરને કહીશ, પહેલાં ગર્લફ્રેન્ડ બનાવીને જુઓ! જો જોડી કેમેરા પર ક્લિક નહીં થાય, તો પછી મમ્મીનો રોલ વિચારીશું. બોલિવૂડમાં ઉંમરનો નિયમ ફક્ત એક્ટ્રેસ માટે જ કેમ? હીરો 50 વર્ષે પણ કોલેજ બોય બની શકે, તો અમે 35 પછી સીધાં મમ્મી કેમ બની જઈએ? આ ડબલ સ્ટૅન્ડર્ડ હવે બદલાવો જોઈએ!

### અક્ષય ખન્ના સાથે સ્ક્રીન શેર કરવી કે આસિફ શેખ સાથે? કોની સાથે કામ કરવામાં વધુ મજા આવી?

આસિફજી સાથે કામ કરવું એ રોજની દિવાળી જેવું હતું, સેટ પર હાસ્યના ફુવારા ઊડતા. પણ અક્ષય સાથે કામ કરવું એ એક એક્ટિંગ માસ્ટરક્લાસ છે. બંને પોતપોતાની જગ્યાએ આઉટસ્ટેન્ડિંગ છે. અક્ષયની ખાસિયત એ છે કે તેમની ખામોશી પણ કેમેરા સામે ઘણું કહી જાય છે.

### ઇન્ડસ્ટ્રીમાં ફેલાયેલી એવી કઈ અફવા છે, જે સાંભળીને થયું હોય કે વાહ, લોકોની કલ્પનાશક્તિ તો કમાલ છે?

લોકો કહે છે કે હું એટિટ્યૂડવાળી અને નખરાં કરનારી છું! પણ હકીકત એ છે કે હું મારા કામને લઈને સિરિયસ છું, સમયસર અને પરફેક્શન સાથે કામ કરવું જો લોકોને એટિટ્યૂડ લાગે, તો હા, હું એવી જ છું અને મને એનો ગર્વ છે!

### OTT પર બોલ્ડ સીન્સનો ટ્રેન્ડ છે, તો સ્ક્રિપ્ટની ડિમાન્ડ હોય ત્યારે તું બોલ્ડ સીન્સ કરવા કમ્ફર્ટેબલ છે કે કેટલીક કન્ડિશન્સ છે?

જો સ્ટોરીની રિક્વાયરમેન્ટ હોય અને સીનને એસ્થેટિકલી શૂટ કરવામાં આવે, તો એક પ્રોફેશનલ એક્ટ્રેસ તરીકે મને કોઈ પ્રોબ્લેમ નથી, પણ માત્ર પોસ્ટર કે ટ્રેલરમાં હાઈપ ક્રિએટ કરવા માટે ઠૂંસવામાં આવેલી બિનજરૂરી બોલ્ડનેસને મારી તરફથી ક્લિયર 'નો' છે!

### શું ક્યારેય એવું લાગ્યું કે લુક્સ અને ગ્લેમરના કારણે લોકો તારી એક્ટિંગ ટેલેન્ટને અંડરએસ્ટિમેટ કરે છે?

શરૂઆતમાં લોકોને લાગતું કે આ તો સુંદર છે, એટલે બસ ગ્લેમરસ ડોલ બનાવી દો, એક્ટિંગ ક્યાંથી આવડવાની! પણ 'ગોરી મેમ' બનીને મેં બધાની બોલતી બંધ કરી અને મારી કોમેડી ટાઈમિંગથી સાબિત કર્યું કે હું માત્ર સુંદરતાના દમ પર નહીં, ટેલેન્ટના દમ પર પણ ટકી છું. હવે ફિલ્મોમાં પણ મારું કામ જ જવાબ આપી રહ્યું છે!

### કોઈ હિટ શો હાથમાંથી જતો રહ્યો હોય અને પછી વિચાર્યું હોય કે અરે યાર, આ તો કરી લેવો જોઈતો હતો?

હા, એક-બે TV શોને મેં ના પાડી હતી અને પછી એ સુપરહિટ થયા! પણ મને કોઈ રિગ્રેટ નથી. એ સમયે એ પ્રોજેક્ટ્સને ના પાડીને મેં મારી મેન્ટલ પીસ પસંદ કરી હતી. મારા માટે મનની શાંતિ કોઈપણ હિટ શો કે સફળતા કરતાં વધારે કિંમતી છે!

### ફિટનેસ જોઈને તો પાણીપુરી પણ ડરે! પણ દિલ તો ક્યારેક ચીટ મિલ માટે લલચાતું જ હશે ને?

અરે, પાણીપુરી માટે કોણ ના પાડે? હું પણ દિલ ખોલીને ચીટ મિલ્સ એન્જોય કરું છું! મારી ફિટનેસનું સિક્રેટ કેલરી ગણવામાં નહીં, પણ યોગ, ખુશી અને મેન્ટલ પીસમાં છે. તમે અંદરથી હેપ્પી હો, તો ચહેરા પરનો ગ્લો અને બોડીની એનર્જી આપોઆપ દેખાય!

# શું રોહિત શેટ્ટી બિગ બોસ 20ની ડૂબતી નૈયા પાર લગાવશે?

સ્મોલ સ્ક્રીન

બિગ બોસ... નામ સાંભળતા જ મગજમાં લડાઈઓ, ચિચિયારીઓ, સસ્પેન્સ અને મનોરંજનનો ધમાકો યાદ આવી જાય. પણ જરા ઊભા રહો! શું તમે આ વર્ષે બિગ બોસ 20 જોઈ રહ્યા છો? જો હા, તો તમારા માથા પર પણ હાથ મૂકાયો જ હશે કે ભાઈ, આ શોમાં થઈ શું રહ્યું છે? ક્યારેક તો એવું લાગે છે કે આપણે કોઈ રિયાલિટી શો નહીં, પણ કોઈ સરકારી ઓફિસની લાંબી લાઈન જોઈ રહ્યા છીએ જ્યાં માત્ર કંટાળો જ મળે છે.

એવામાં વિકેન્ડ કા વારમાં હોસ્ટ સલમાન પણ જોવા નહીં મળે! સલમાનની જગ્યા પર રોહિત શેટ્ટી શો હોસ્ટ કરવાના હોવાથી શોની TRP પર અસર પડી શકે છે!

હાલની સ્થિતિ એવી છે કે દર્શકો સોશિયલ મીડિયા પર ખુલ્લેઆમ ગુસ્સો ઠાલવી રહ્યા છે કે, ભગવાન માટે આ સીઝનને થોડી રસપ્રદ બનાવો! ચાલો નજર કરીએ કે આખી મામલો શું છે અને દર્શકો શા માટે આટલા નારાજ છે.

જૂની યાદો તાજી કરો, બિગ બોસ એટલે એવા ખતરનાક અને મગજ ફાડી નાખે એવા ટાસ્ક, જ્યાં ઘરવાળાઓ પરસેવો પાડી દેતા, લડી પડતા અને એકબીજાની પોલ ખોલતા. પણ આ સીઝનમાં તો ટાસ્ક શબ્દનો અર્થ જ બદલાઈ ગયો છે. આજે પરિસ્થિતિ એવી છે કે મેકર્સ ટાસ્ક કરાવવાને બદલે માત્ર વોટિંગનો સિક્કો ઉછાળી દે છે. ઘરમાં કોઈ મુદ્દો સળગે કે તરત જ એક જ રટણ શરૂ થઈ જાય ચાલો, હવે આપણે નક્કી કરીએ કે કોણ સાચું અને કોણ ખોટું... પબ્લિક વોટ કરશે! અરે ભાઈ, પબ્લિક તો ઓલરેડી ટીવી સામે બેસીને કંટાળી ગઈ છે! ટાસ્કના નામે માત્ર ઘરના ખૂણે બેસીને વાતો કરવી, ગ્રુપીઝમ કરવું અને ઈમોશનલ ડ્રામા કરવા સિવાય કશું બચ્યું નથી. આને રિયાલિટી શો કહેવાય કે ગ્રુપ ડિસ્કશન?

પહેલાંના સમયમાં સ્પર્ધકો એવા હોશિયાર અને મસાલેદાર આવતા કે રાત્રે ઊંઘ પણ ન આવે કે સવારે શું થશે! આજના સ્પર્ધકો જાણે ફાઈવ સ્ટાર હોટલમાં રજાઓ ગાળવા આવ્યા હોય તેમ વર્તે છે. કોઈ ઝઘડો થાય તો પણ એવો નકલી લાગે જાણે સ્ક્રિપ્ટ વાંચતા હોય. આખો દિવસ બેસીને ચા પીવી, કાનમાં ફૂસફૂસ કરવી અને કોઈની પીઠ પાછળ વાતો કરવી બસ આ જ એમનું ફૂલ-ટાઈમ જોબ બની ગયું છે.

શોમાં કોઈ ચુંબકીય પર્સનાલિટી જ નથી દેખાતી, જે દર્શકોને ટીવી સ્ક્રીન સામે જકડી રાખે. પરિણામ એ આવે છે કે દર્શકો અડધી કલાક શો જોઈને જ ચેનલ બદલી નાખે છે.

સોશિયલ મીડિયા પર બિગ બોસ 20 વિરુદ્ધ મીમ્સ અને ટ્રોલિંગનું પૂર આવ્યું છે. દર્શકોનું કહેવું છે કે મેકર્સ દર્શકોની બુદ્ધિ સાથે રમત રમી રહ્યા છે.



**વિકેન્ડ કા વારમાં હોસ્ટ સલમાન પણ જોવા નહીં મળે! સલમાનની જગ્યા પર રોહિત શેટ્ટી શો હોસ્ટ કરવાના હોવાથી શોની TRP પર અસર પડી શકે છે!**

એક ફેને લખ્યું: આ સીઝન જોઈને તો મને ઈન્સોમનિયાની બીમારી મટી ગઈ, પાંચ મિનિટમાં ગાઢ ઊંઘ આવી જાય છે!

બીજા એક દર્શકે ગુસ્સે થઈને કહ્યું: જો વોટિંગના આધારે જ ગેસ જીતાડવાની હોય, તો પછી ટાસ્ક અને બિગ બોસ નામ રાખવાની જરૂર શું છે? સીધી એપ્લિકેશન ડાઉનલોડ કરાવીને વોટ કરાવી લો!

દર્શકોની અપેક્ષાઓ બહુ સાદી છે તેમને જોઈએ છે પેશન, અસલી ઈમોશન્સ, દમદાર ટાસ્ક અને ભરપૂર મનોરંજન. પણ મેકર્સ એ વાત સમજી નથી રહ્યા કે બધું જ 'ઓડિયન્સ વોટ' પર છોડી દેવાથી શો રસપ્રદ નથી બનતો, ઉલટાનો વધુ કંટાળાનજક બની જાય છે.

બિગ બોસ 20 હવે એક એવા વળાંક પર ઊભો છે જ્યાંથી વાપસી કરવી જરૂરી છે. જો મેકર્સ સમયસર જાગીને આ વોટિંગના રમતમાંથી બહાર નહીં નીકળે અને કોઈ દમદાર વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી કે ખતરનાક ટાસ્ક નહીં લાવે, તો આ સીઝન ઈતિહાસની સૌથી બોરિંગ સીઝન તરીકે યાદ રાખવામાં આવશે.

બાકી, દર્શકો તો હવે રીમોટ હાથમાં લઈને એક જ વાત બોલે છે, બિગ બોસ, પ્લીઝ જાગો અથવા શો બંધ કરો!

# આંટીની Entryથી કેમ ડરી રહી છે Addams Family?

અપકમિંગ

ચહેરા પર સ્માઈલ શોધવી હોય તો ગૂગલની મદદ લેવી પડે, કાળા કપડાં તેની પહેલી પસંદ અને જોખમ સામે આવે તો ડરવાને બદલે તેની આંખોમાં ચમક આવી જાય! જી હા, આપણે વાત કરી રહ્યા છીએ Wednesday Addamsની! Netflixની લોકપ્રિય વેબ સિરીઝ 'Wednesday'ની ત્રીજી સીઝનમાં આ વખતે સસ્પેન્સોનો ડોઝ વધવાનો છે. Wednesday ફરી પોતાની અનોખી સ્ટાઈલમાં સર્ચ કરતી જોવા મળશે, પરંતુ આ વખતે સૌથી મોટું આકર્ષણ છે તેની સસ્પેન્સ આંટી Opheliaની એન્ટ્રી! હવે સવાલ એ છે કે આંટી ફેમિલીનાં સસ્પેન્સો ખોલશે કે પછી આખી સ્ટોરીને વધુ ગૂંચવી નાખશે?

ત્રીજી સીઝનમાં Opheliaનું કેરેક્ટર એક્ટ્રેસ ઈવા ગ્રીન ભજવશે. બીજી સીઝનના અંતમાં આ કેરેક્ટર સાથે જોડાયેલા સસ્પેન્સ સંકેતે ઓડિયન્સમાં ઉત્સુકતા જગાવી હતી. હવે Opheliaની ભૂમિકા શું હશે અને Wednesday સાથે તેનો સંબંધ કેવો રહેશે, એ જાણવાની એક્ક્ષમેન્ટ વધી છે. Addams ફેમિલીના ભૂતકાળમાં છુપાયેલાં સસ્પેન્સો પણ નવી સીઝનનું મહત્ત્વનું આકર્ષણ બની શકે છે. જોકે, નિર્માતાઓએ હજી આખી કહાણી જાહેર કરી નથી, એટલે સસ્પેન્સનો પડદો ઊંચકવા માટે ઓડિયન્સએ રાહ જોવી પડશે.

આ વખતે Wednesdayની દુનિયામાં નવા ચહેરાઓ પણ જોવા મળશે. 'Stranger Things' અને 'Beetlejuice'થી જાણીતી વિનોના રાઈડર તથા 'Game of Thrones'ની એક્ટ્રેસ લેના હેડી ત્રીજી સીઝનમાં જોડાઈ છે. જોકે, તેમનાં કેરેક્ટરોની સંપૂર્ણ વિગતો હજી જાહેર થઈ નથી. બીજી તરફ, જેન્ના ઓર્ટેગા ફરી Wednesdayના મુખ્ય કેરેક્ટરમાં જોવા મળશે. કેથરિન ઝેટા-જોન્સ, લુઈસ ગુઝમેન અને એમા માયર્સ સહિતના જૂના એક્ટરો પણ પાછા ફરશે. એટલે જૂની ટીમની ઓળખીતી મજા સાથે નવાં કેરેક્ટરોનું સસ્પેન્સ પણ જોવા મળશે.

'Wednesday 3'નું શૂટિંગ ફેબ્રુઆરી 2026માં શરૂ થયું હતું અને 30 સપ્ટેમ્બર 2026ના રોજ શૂટિંગ પૂરું થયાની જાહેરાત કરવામાં આવી હતી. હવે સિરીઝ પોસ્ટ-પ્રોડક્શનના તબક્કામાં છે, જેમાં એડિટિંગ અને સ્પેશિયલ ઈફેક્ટ્સ જેવી કામગીરી થાય છે. શૂટિંગ આયર્લેન્ડમાં થયું હતું અને પેરિસમાં પણ દૃશ્યો ફિલ્માવવામાં આવ્યા હોવાના અહેવાલ છે. સિરીઝ 2027માં Netflix પર રજૂ થવાની છે, જોકે ચોક્કસ તારીખ હજી જાહેર થઈ નથી. આલ ગફ અને માઈલ્સ મિલર દ્વારા તૈયાર કરવામાં આવેલી આ સિરીઝ હોરર, કોમેડી અને સસ્પેન્સનું અનોખું મિશ્રણ છે. Wednesdayની ખાસિયત જ એ છે કે જ્યાં સામાન્ય લોકો ડરીને ભાગે, ત્યાં તે શાંતિથી ઊભી રહીને સસ્પેન્સ ઉકેલવા લાગે છે! આ વખતે ફેમિલીની અંદર જ સસ્પેન્સો છુપાયેલાં હોય તો તેની તપાસ કેટલી મુશ્કેલ બનશે? હાલ તો ચાહકોએ 2027 સુધી રાહ જોવી પડશે.




**એક વાત નક્કી Wednesdayની દુનિયામાં સ્માઇલ ભલે ગાયબ હોય, પણ સસ્પેન્સનો ડોઝ જબરદસ્ત રહેવાનો છે!**

આંટી Opheliaની એન્ટ્રી, નવા એક્ટરો અને Addams ફેમિલીનાં અજાણ્યાં સસ્પેન્સોને કારણે ત્રીજી સીઝન માટે ઉત્સુકતા વધી છે. હવે જોવાનું એ રહેશે કે Wednesday ફરી બધાને ચોંકાવશે કે આ વખતે સસ્પેન્સ તેની સામે જ નવો ખેલ ખેલશે! એક વાત નક્કી– Wednesdayની દુનિયામાં સ્માઈલ ભલે ગાયબ હોય, પણ સસ્પેન્સનો ડોઝ જબરદસ્ત રહેવાનો છે!

હવે સવાલ એ છે કે 'Wednesday 3' ઈન્ડિયામાં ક્યારે જોવા મળશે? આ સિરીઝ પણ Netflix પર જ સ્ટ્રીમ થવાની છે. જોકે, ઈંડિયન ઓડિયન્સ માટે રિલીઝની અલગ ડેટ જાહેર કરવામાં આવી નથી. Netflixએ ત્રીજી સીઝન 2027માં રજૂ થવાની પુષ્ટિ કરી છે, પરંતુ કયા મહિને કે કઈ ડેટે સિરીઝ થશે તે હજી સસ્પેન્સમાં છે. એટલે ઈંડિયન ઓડિયન્સએ Wednesdayની નવી રહસ્યમય દુનિયામાં પ્રવેશવા માટે થોડી વધુ રાહ જોવી પડશે.